મહત્તમ : ૩૯.૬ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૨૪ ટકા

ગાંધીનગર તાપમાન

સે-૧૩માં બહારગામથી અનધિકૃત વ્યક્તિઓની જોખમી અવરજવર

હિંમતનગરથી ૫, અમદાવાદથી ૩ અને વડોદરાથી ૧ વ્યક્તિ આવી : જાણ થતાં ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘરે આગતુંકોના તાત્કાલિક હેલ્થ ચેકઅપ કરાવ્યાં : રાત્રિ દરમ્યાન હજુ વધુ ૨૧ વ્યક્તિઓની અવરજવરની શંકા

ગાંધીનગર, તા. ૧૮

એક તરફ સરકાર દ્વારા લૉકડાઉનના કડક અમલની વાતો કરવામાં આવી રહી છે અને સામાજિક રીતે થતાં સંક્રમણને અટકાવવા શહેર અને જિલ્લાની સરહદો સીલ કર્યાની વાતો કરવામાં આવે છે પરંતુ બીજી તરફ ગાંધીનગરમાં અનેક નાગરિકો બહારગામથી બિન્દાસ પણે આવ-જા કરી રહ્યા છે. આજે ગાંધીનગરના સેક્ટર-૧૩ ખાતેની સેવા વસ્તીમાં કુલ ૯ અજાણ્યા વ્યક્તિઓ બહારગામથી આવ્યા હતા જેમાં પાંચ વ્યક્તિઓ હિંમતનગરથી, ત્રણ વ્યક્તિ અમદાવાદથી અને એક વ્યક્તિ વડોદરાથી આવી હતી. જો કે આ તમામ વ્યક્તિઓને આ વિસ્તારના જાગૃત નાગરિક ભરત જાદવના પ્રયાસોને પગલે ઓળખી લઇ શહેરના ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘરે તાત્કાલિક તેમના હેલ્થ ચેકઅપ કરવા જેવા પગલાં હાથ ધર્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર સેક્ટર ૧૩ની સેવા વસ્તીમાં રહેતા એક યુવકનું ચારેક દિવસ પહેલાં અવસાન થયું હતું જેના પાંચ સગા-સંબંધીઓ આજે હિંમતનગરથી એક વાહનમાં સાથે બેસીને ખરખરો કરવા આવ્યા હતા. આ ઉપરાંત

રાજ્યમાં કોરોના વાયરસ સંક્રમણ બાબતે સૌથી ગંભીર પરિસ્થિતિ ધરાવતા હોટસ્પોટ તરીકે પ્રથમ બે સ્થાને આવતા અમદાવાદ અને વડોદરાથી કુલ ચાર વ્યક્તિઓ આ સેવા બસ્તીમાં આવ્યા હતા જે પૈકી અમદાવાદથી આવેલા ૩ વ્યક્તિ તેમના કોઇ સગાંસંબંધી બિમાર હોવાથી તેમના ખબર અંતર પુછવા આવ્યાં હતા જ્યારે વડોદરાથી આવેલ વ્યક્તિ કયા કારણથી અહીં આવી છે તે જાણી શકાયું નથી. જોકે સેવા વસ્તીમાં આ રીતે બહારગામથી આવેલા અજાણ્યા વ્યક્તિઓ અંગે સ્થાનિક અગ્રણી ભરત જાદવને જાણ થતાં તેમણે તુરંત જ શહેરના ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘરનો સંપર્ક કર્યો હતો અને ડેપ્યુટી મેયરે આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરનું આ બાબતે ધ્યાન દોરી તુરંત જ તે વ્યક્તિઓને ઓળખી તેમના હેલ્થ ચેક અપ કરવાનું કાર્ય હાથ ધરવા આદેશ કર્યા હતા. જેના પગલે આ તમામ વ્યક્તિઓનું સ્થળ પર જઈને હેલ્થ ચેકઅપ હાથ ધરાયું હતું. મળતી વિગતો અનુસાર હજુ પણ સેક્ટર-૧૩ની સેવા વસ્તીમાં વધુ ૨૧ વ્યક્તિ અનધિકૃત રીતે બહારગામથી આવીને વસવાટ કરી રહી છે. પરંતુ દિવસ દરમિયાન તેઓ પકડમાં ન આવે તે માટે શહેરના અન્ય વિસ્તારોમાં ચાલ્યા જાય છે અને મોડી રાત્રે સેવા વસ્તીમાં પરત ફરે છે તેવા સમાચાર પ્રાપ્ત થઇ રહ્યા છે ત્યારે તંત્રએ ખૂબ જ કડક થઈને આ વિસ્તારનો ડોર ટુ ડોર સર્વેલન્સ હાથ ધરવાની જરૂરિયાત જણાય છે. અમદાવાદ અને વડોદરા જેવા અત્યંત જોખમી કારોનાગ્રસ્ત શહેરમાંથી આ રીતે ખાનગીમાં આવતી વ્યક્તિઓ ગાંધીનગર માટે ખૂબ જ ગંભીર પરિસ્થિતિ સર્જી શકે છે જેના પર સત્વરે નિયંત્રણ સાધવું જરૂરી જણાઈ રહ્યું છે.

પીડીપીયુના વિદ્યાર્થીઓએ જનજાગૃતિ માટે વીડિયો પ્રેઝન્ટેશન તૈયાર કર્યું

ગાંધીનગર, તા. ૧૮

સમગ્ર વિશ્વ સહિત ભારત દેશ પણ કારોના મહામારી સામે લડત આપી રહ્યો છે. કારોના સંક્રમણને અટકાવવા સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે માટે લોક ડાઉન જેવા પગલાં લેવામાં આવ્યા છે પરંતુ હજુ અનેક નાગરિકો આ લોક ડાઉનનો ભંગ કરી રહ્યા છે. આ સંજોગોમાં ન્યુ ગાંધીનગર ખાતેની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના વિદ્યાર્થીઓ દ્વારા પોતપોતાના ઘરે રહીને ટેકનોલોજીના ઉપયોગ દ્વારા લૉકડાઉન દરમિયાન તેમણે કેવી પ્રવૃત્તિ કરી તેની સાથે સાથે કોરોના વાયરસ સંક્રમણના ખતરા સામે લડવા જનતાએ એકતા દર્શાવવાની જરૂર હોવા સાથે જે કોરોના વોરિયર્સ દેશ માટે ઝઝૂમી રહ્યા છે તેમને પ્રોત્સાહિત કરવા અને જરૂરિયાતમંદ વર્ગ પ્રત્યે સહાનુભૂતિ દાખવવા જેવી બાબતોને આવરી લેતો એક વીડિયો પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં આવ્યું છે. આ વીડિયો પ્રેઝન્ટેશન પીડીપીયુના બીએ, બીબીએ તથા બીકોમના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે જેને પીડીપીયુના પ્રાધ્યાપક ડૉ. નીતા ખુરાના તથા ડાયરેક્ટર ડૉ. નિગમ દવે દ્વારા જનસમુદાય સુધી પહોંચાડવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

ગુજરાત ગાર્મેન્ટ ઝોન કુડાસણ પાસે આવેલી ઈન્ડસ્ટ્રી છે. કોરોના મહામારીના આ વિકટ પરિસ્થિતિમાં એમના સખી મંડળ દ્વારા ૧૧૦૦૦ માસ્ક બનાવીને ગાંધીનગર કલેકટરને સહાય તરીકે આપીને એમણે ઉમદા કાર્ય કર્યું છે. આ કાર્ય ગુજરાત ગાર્મેન્ટ ઝોનના ચેરમેન ત્રિલોકભાઈ અગ્રવાલની મહેનતથી થયું હતું. જેમાં સ્વેચ્છાએ સખી મંડળ જોડાયું હતું.

સેક્ટર-૬ અને ૭ના વિસ્તારોમાં ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમિકોને ભોજન આપવાનો યજ્ઞ અવિરત ચાલી રહ્યો છે. લોકડાઉન શરુ થયું ત્યારથી શહેરના અગ્રણી મહિલાઓ હંસાબેન ડી. પરમાર, જસુબેન દેસાઈ, તરૂબેન મકવાણા અને મધુબેન રાવત શ્રમિકોને દરરોજ ભોજન પહોંચાડી રહ્યા છે.

સે-૧૩ એ ના સેવાભાવી સ્વયંસેવકોની જરૂરીયાતમંદો માટે ભોજન સેવા

ગાંધીનગર, તા. ૧૮

કોરોના વાયરસ સામેની લડાઈમાં શહેરના દરેક સેવાભાવી નાગરિક પોત પોતાની રીતે યોગદાન આપી રહ્યા છે. ગાંધીનગરના સેક્ટર-૧૩ એ માં રહેતા ચાર યુવાનો દ્વારા છેલ્લા ૧૪ દિવસથી જરૂરિયાતમંદ વર્ગના આશરે ૨૦૦થી વધુ જરૂરીયાતમંદ શ્રમિકોને ભોજન સેવા પૂરી પાડવામાં આવી રહી છે. આ ભોજન સેવામાં પુરી-શાક, દાળ-ભાત, ચણા-ભાત જેવા વિવિધ ભોજન પીરસવામાં આવે છે જે અંતર્ગત આજે ખીચડી અને શાક પૂરા પાડવામાં આવ્યાં હતા. આ સેવા કાર્યમાં ગાંધીનગરના વિવિધ સેકટરો જેવા કે સે. ૧૨, ૧૧, ૬ અને ૫ ના ઝુંપડપટ્ટી

વિસ્તારો જેમાં હોટલ હવેલ નજીક, ઘ-૨ પેટ્રોલ પંપ પાસે જુનુ કડિયા નાકું તથા ઘ-૩ પથિકાશ્રમ સર્કલ નજીક સીટી બસ સ્ટેન્ડ પાસે વગેરે વિસ્તારોને આવરી લેવામાં આવે છે. આ સેવા કાર્યમાં સેક્ટર-૧૩એ ના સંકેત પ્રજાપતિ, કુલદીપસિંહ ચાવડા, કલ્પેશજી ઠાકોર અને જયેશભાઈ પટેલ પ્રશંસનીય સેવાઓ આપી રહ્યા છે.



આજે ચારે બાજુ પરિસ્થિતિ ચિંતાજનક અને હવે શું થશે તેનો વિચાર કરી દે તેવી છે ત્યારે સ્વર્ણિમ પાર્ક ખાતે ફરજ બજાવતો આ કર્મચારી નવરાશની પળોમાં ધાર્મિક પુસ્તકો વાંચી રહ્યો છે. હાલમાં પાર્કમાં કોઈ પ્રકારની અવરજવર ન હોઈ સમય પસાર કરવા તે પુસ્તક વાંચનના શોખને પોષી રહ્યો છે.

શહેરના સેવાભાવી અગ્રણી ઘનશ્યામભાઈ બી. વ્યાસનું જૈફ વયે દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના પ્રારંભથી સમાજ અને સેવાકાર્ય પ્રવૃત્તિઓમાં કાર્યરત જાહેર બાંધકામ વિભાગમાં સેવા નિષ્ઠા તથા પ્રામાણિક અધિકારી તરીકે જાણીતા અને આધ્યાત્મિક ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓ સાથે જોડાયેલા સેક્ટર-૪ના રહેવાસી ઘનશ્યામભાઈ બી.વ્યાસનું જૈફ વયે દુ:ખદ નિધન થયેલ છે. પ્રવર્તમાન સામાજિક સંજોગાનુસાર સદગતના અગ્નિસંસ્કાર રુદ્ર ભૂમિ, સરગાસણ ખાતે કરવામાં આવ્યા છે.

લોકડાઉનમાં ફરજ બજાવતા પોલીસ જવાનોને છાશ વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૧૯

કોરોનાના કોહરામને પગલે લોકડાઉનની સ્થિતિ સર્જાઈ છે. ત્યારે લોકડાઉનની કડક અમલવારી માટે પોલીસ જવાનો રાત દિવસ ખડેપગે ફરજ બજાવી રહ્યા છે. ત્યારે ગાંધીનગરમાં ૩૭૭૩ જવાનોને દિવસમાં બે વાર છાશ વિતરણ તંત્ર દ્વારા કરવામાં આવશે.

મળતી માહિતી મુજબ કોરોનાના કહેર વચ્ચે નાગરીકોની સલામતી માટે પોલીસ તંત્ર ખડે પગે કામગીરી કરી રહ્યું છે. લોકડાઉનમાં નાગરીકો ઘરની બહાર ન નીકળે અને કોરોનાનું સંક્રમણ અટકે તે માટે રાઉન્ડ ધ કલોક પેટ્રોલીંગ કરી રહ્યા છે. બીજી તરફ ડ્રોન કેમેરા દ્વારા પણ સર્વેલન્સની કામગીરી ચાલી રહી છે. જયારે બિનજરુરી આંટા ફેરા નાગરીકોને પણ જાહેરનામાં ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે કોરોના વોરીયર્સ પોલીસ કર્મચારીઓની રોગ પ્રતિકારક શકિતમાં વધારો થાય તે માટે પુરતી તકેદારી તંત્ર દ્વારા રાખવામાં આવી રહી છે.

પોલીસ કર્મચારીઓને સરગવાનો પાઉડર, વિટામીન સી ટેબલેટ, આયુર્વેદિક ઉકાળો, લીંબુ પાણી આપવામાં આવે છે. તે ઉપરાંત કોરોનાની મહામારીમાં કાર્યરત ગાંધીનગરના ૩૭૭૩ પોલીસ જવાનોને દિવસમાં બે વાર છાશ પણ વિતરણ કરાશે. તા. ૧૯ એપ્રિલ થી તા.૩ મે દરમિયાન પોલીસ જવાનોને ૧,૧૩,૧૯૦ લીટર છાશ વિતરણ કરાશે. જયારે પોલીસ કર્મચારીઓના પરિવારજનો જયાં વસવાટ કરે છે તે સ્થળે અને પોલીસના વાહનોને પણ નિયમિત રીતે સેનેટાઈઝ કરવામાં આવે છે.

વાત કોરોનાની મૂકો કોરાણે, તમે બસ તમારી હેપ્પીનેસ વધારો

લોકડાઉનની સ્થિતિમાં કારોના વાયરસ અંગે જાણકારી ભલે મેળવો પરંતુ સાથે સાથે હકારાત્મક સમાચારો પ્રત્યે પણ ધ્યાન આપો : આ સ્થિતિમાં પણ પ્રસરી રહેલી સકારાત્મકતાને સ્વીકારી અને સોશિયલ ડિસ્ટન્સ જાળવી રાખવું અઘરું નથી

ગાંધીનગર, તા. ૧૯

સમગ્ર વિશ્વ સમક્ષ આજે કોરોના વાયરસ સૌથી મોટો પડકાર બની ગયો છે. નોવેલ કોરોના કોવિદ-૧૯ વાયરસ નામની મહામારીએ એવો ભરડો લીધો છે કે દુનિયાભરના આશરે ૩૫૦ કરોડ જેટલાં નાગરિકો લૉકડાઉનમાં સલવાઈ ગયાં છે. ભારતમાં પણ લૉકડાઉનનું દ્વિતીય ચરણ લાગુ કરવું પડ્યું છે. આજે સૌ કોઈને એટલી તો ખબર તો પડી જ ગઈ છે કે સોશિયલ ડિસ્ટન્સ સિવાય આ મહામારીનો હાલ કોઈ ઉકેલ નથી. સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે માટે લાગુ પાડવામાં આવેલા લૉકડાઉનને હજુ પણ અનેક નાગરિકો ગંભીરતાથી લેતા નથી અને જોખમી રીતે લૉકડાઉનના નિયમોનો ભંગ કરી રહ્યા છે. હોવાની બીજી તરફ જે મોટા ભાગના નાગરિકો લૉકડાઉનનું પાલન કરી રહ્યા છે તેઓ ઘરમાં રહીને બોરિયત અથવા કંટાળાનો ભોગ બની લૉકડાઉનનું ઉલ્લંઘન કરવા પ્રેરાય છે. તેમણે ખરેખર તો આ સ્થિતિમાં બીમારીને લગતા ફેલાઈ રહેલા નકારાત્મક સમાચારો કરતાં આવી આવી સ્થિતિમાં પણ અનેક પોઝિટિવ ન્યૂઝ અને સકારાત્મક ઘટનાઓ સર્જાઈ રહી છે તેના પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે જેથી તેઓ પોતાનામાં પણ સકારાત્મકતાને સંચાર કરી પોતાની બોરિયતને દૂર કરવા સાથે પોતાની સર્જનાત્મકતાને ખીલવી શકે અને આ આકરા સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકે.

લાગ્યું એવું લખ્યું
સમીર રામી

કોરોના વાયરસને લગતા ધરાવનારા સમાચારોની સાથે સાથે માધ્યમોમાં અનેક પ્રકારના પોઝિટિવ ન્યૂઝ પણ સતત ચમકી રહ્યા છે. ભારતમાં રાજસ્થાનના ભીલવાડા અને કેરળ રાજ્યમાં કોરોના સામે અસરકારક પગલાં લેવાને પરિણામે અંકુશ સાધી શકાયો છે જેને કેન્દ્ર સરકારે પણ પ્રશંસા કરી છે. ગુજરાતમાં હજુ આઠ જિલ્લા કોરોના વાયરસની પહોચથી દૂર રહ્યાં છે. સુરતની એક હોસ્પિટલમાં ચેતન ચૌહાણ નામના લેબ ટેક્નિશિયન પોતે કેન્સર ગ્રસ્ત હોવા છતાં નજીકના પીએચસી કેન્દ્ર પર કારોના શંકાસ્પદ દર્દીઓના ટેસ્ટ માટે સેમ્પલ લેવાની સેવા આપી રહ્યા છે. રાજકોટના એએસઆઈ રેખાબેનને માત્ર ૧૪ માસનો પુત્ર છે જેને દિવસમાં ત્રણ વાર સ્તનપાન કરાવવું જરૂરી હોવા છતાં ડયુટી બજાવે છે અને તે દરમ્યાન જ માતા તરીકેની ફરજ પણ નિભાવે છે. આ જ રાજકોટના સૌથી વધુ કોરોનાગ્રસ્ત જંગલેશ્વર વિસ્તારના પીઆઈ એસ. એન. ગહુને પોતાની ફરજ પર આવવા જવા માટે ઘરની બાલ્કનીનો ઉપયોગ કરવો પડે છે. સ્વીડનના પ્રિન્સેસ સોફિયા એક હોસ્પિટલમાં આરોગ્ય સહાયક તરીકેની સેવાઓ આપી રહ્યા છે. ભારતના ત્રણ શૂટરોએ આ સમયમાં યોજાયેલ પ્રથમ ઈન્ટરનેશનલ વર્ચ્યુઅલ શૂટિંગ ચેમ્પિયનશિપમાં મેડલ પ્રાપ્ત કર્યા છે. પેરિસથી આવેલ કોરોનાની દર્દી સ્મૃતિ ઠક્કર ગુજરાતમાં સૌથી પહેલા સાજા થનાર દર્દી બની છે તે સાથે તે કારોના વાયરસના અન્ય દર્દીઓને સારવારમાં ઉપયોગી બની શકાય તે માટે પ્લાઝમાં ડોનર પણ બની છે. ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટરે કોરોનાનું વંશ સૂત્ર જીનોમ શોધી લીધું છે જેને કારણે કારોના વાયરસની કરવાથી બનાવવાની પ્રક્રિયાને વેગ મળશે. પંજાબના જાલંધરથી બસ્સો કિલોમીટર દૂરના

હિમાલય પર્વત દેખાવા લાગ્યા છે અને હરિદ્વારમાં ગંગાનું પાણી શુદ્ધ બન્યું છે અને માર્ગ અકસ્માતોની સંખ્યા ઘટી છે તે સાથે સાથે ગાંધીનગર સહિત તમામ શહેરોના પ્રદૂષણમાં ઘટાડો થયો છે. આવા તો અઢળક પોઝિટિવ સમાચારોની સાથે સાથે દેશભરમાં જરૂરીયાતમંદોની સેવા કરવા અસંખ્ય નાગરિકો અને સંસ્થાઓ દિવસ-રાત કાર્યરત બની છે. આવા તો અઢળક પોઝિટિવ સમાચાર રોજ વાંચવા સાંભળવા મળે છે.

ઈન્ડિયન કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચના એક રિપોર્ટમાં જણાવાયું હતું કે જો ભારતમાં સમયસર લોકડાઉન લાગુ ના પાડવામાં આવ્યું હોત તો આઠ લાખથી વધુ નાગરિકો કોરોનાનો ભોગ બન્યા હોત. અત્યારે ભલે અમેરિકા કે ઈટાલીના આંકડા ખૂબ ભયાનક દેખાતા હોય પરંતુ જો તેનું આકલન કરવામાં આવે તો પરિસ્થિતિ હજુ પણ ગંભીર છે તેનો ખ્યાલ આવે છે. અમેરિકામાં અત્યાર સુધીમાં સાડા સાત ટકા દર્દીઓ સાજા થયા છે જ્યારે ચાર ટકા દર્દીઓના મૃત્યુ થયા છે.

ભારતમાં પોઝિટિવ દર્દીઓનો આંકડો ભલે નાનો લાગતો હોય પરંતુ તેમાંથી હજુ માત્ર ૧૧ ટકા દર્દી સાજા થયા છે તેની સામે ત્રણ ટકા દર્દીઓ મોતને ભેટ્યા છે. એનો મતલબ એ છે કે આંકડાકીય રીતે આપણે ત્યાં મૃત્યુ દર અમેરિકા કરતા માત્ર એક ટકો જ ઓછો છે એટલે એ વાત સ્પષ્ટ થાય છે કે જો ભારતમાં પણ અમેરિકાની જેમ સંક્રમણ વધી જાય તો મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ખૂબ જ મોટી થઈ શકે છે. આ કારણથી આપણે કોઈ પણ ભોગે લોકડાઉનનો ચુસ્ત પણે અમલ કરી સોશિયલ ડિસ્ટન્સ ને જાળવવું ખૂબ જ જરૂરી છે. સરકારે પણ લૉકડાઉનનો હજુ પણ ચુસ્ત પણે અમલ થાય તે માટે ખૂબ જ કડક હાથે કામ કરવું પડશે તેવું સ્પષ્ટ જણાય છે. આ સાથે કોરોનાના શક્ય હોય તેટલા વધુ ટેસ્ટ તે પણ ખૂબ જ ઝડપી પ્રક્રિયા સાથે થાય તે અત્યંત જરૂરી જણાય છે. આપણે જેટલું બને તેટલી ઝડપથી સંક્રમિત વ્યક્તિઓને અન્ય વ્યક્તિઓ કરતાં અલગ પાડી શકીશું તો જ કોરોનાની ચેઇન તોડી શકાશે. તમામ નાગરિકોએ પણ લોકડાઉનનો ચુસ્ત અમલ થાય તે માટે સરકારને સાથ આપ્યા વિના આ બીમારીથી છુટકારો મેળવવાનો બીજો કોઈ ઉપાય નથી તે સ્વીકારી લેવું પડશે. લોક ડાઉન દરમિયાન અનેક પ્રકારની પ્રવૃત્તિઓ આપ કરી શકો છો જેના અઢળક ઉદાહરણો સમાચાર માધ્યમોમાં સતત ચમકતા રહે છે. આ સમયમાં તમે તમારી છૂપી સર્જનાત્મકતાને બહાર લાવી શકો છો, કંઈક નવું શીખી શકો છો, અધૂરા રહી ગયેલા શોખ પુનર્જીવિત કરી શકો છો અથવા સમયના અભાવે અધૂરા રહેલા કાર્યો જેવા કે વાંચન કરવું અથવા પોતાના ખાનાને સાફ કરવું જેવા કાર્યો પણ કરી શકો છો. આ સમય દરમિયાન તમે પોતાના પરિવાર બાળકો સગા સંબંધી મિત્રો અને સ્નેહીજનોથી દૂર રહીને પણ વધુ નજીક આવી શકો છો. ભારત અગાઉ પણ નીપાહ, ઝીકા, સાર્સ, સ્પેનિશ ફ્લૂ જેવા વાયરસનો મુકાબલો કરી ચૂક્યું છે તેમજ ટીબી, કેન્સર, પ્લેગ, પોલિયો, મેલેરિયા અને કોલેરા જેવા મહારોગો સામે પણ અસરકારક લડત આપી ચૂક્યું છે. તબીબો માને છે કે કોરોના વાયરસના ૬૦ થી ૭૦ ટકા દર્દીઓ તો સારવાર વગર જ સાજા થઈ રહ્યાં છે અને માત્ર ૨૦ ટકા જેટલાં કેસો જ ગંભીર સ્થિતિમાં પહોચે છે જે પૈકી કેટલાંક જ દર્દી મૃત્યુ પામે છે માટે કોરોનાથી ડરવાનું કોઈ કારણ નથી. બસ તમે ઘરે રહી પોતાની હેપ્પીનેસ વધારો અને નેગેટિવિટીથી દૂર રહો.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com